દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

જૂન ૨૦૨૫



# પ્રાર્થના

## સંપાદકીય

બાળમિત્રો,

માની લો કે તમારી પાસે એક ફોન નંબર છે. એ નંબર પર વાત કર્યા પછી જો તમે ભણવા બેસો તો સરસ ભણી શકો અને એક્ઝામમાં સરસ એકાગ્રતાથી લખી શકો. કોઈ કામ કરવાનો ડર લાગે ત્યારે ત્યાં ફોન કરવાથી ડર ગાયબ થઈ જાય. બિમારી વખતે ત્યાં ફોન કરો તો શક્તિ મળે અને કોઈનું દુઃખ જોઈને દુઃખ થતું હોય તો ત્યાં ફોન કરવાથી શાંતિ મળે.

બોલો હવે આવો ફોન નંબર તમે સાચવી રાખો કે નહીં ? આપણા બધા પાસે આ ફોન નંબર છે અને કોઈ પણ ટાઈમે આપણે ત્યાં ફોન કરી શકીએ છીએ. આ ફોન છે 'પ્રાર્થનાનો'. આ ફોન કેવી રીતે કરાય અને એનું મહત્વ શું છે એ આપણે જ્ઞાની પાસેથી સમજીએ. સોનુએ ક્યો પ્રયોગ કરીને શું સિગ્નલ મોકલ્યા અને ફેલ્કોએ કઈ રીતે બધાને રોગમાંથી મુક્ત કર્યા, યુરોપ ટૂર પર થીઓ એન્ડ ફ્રેન્ડ્સને શું જાણવા મળ્યું ? અને ચીલી સાથે આગળ શું બન્યું ? ચાલો, વાંચવા તૈયાર થઈ જાવ.

- ડિમ્પલ મહેતા

**અક્રમ એક્સપ્રેસ**

June, 2025
Year 17, Issue : 10
Conti. Issue No.: 202
Published Monthly

સંપર્ક સૂત્રઃ
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.

© 2025, Dada Bhagwan Foundation
All Rights Reserved

Price Per Copy: NIL

# જ્ઞાનીઓ કહે છે...



**પ્રશ્નકર્તા : પ્રાર્થનાનું શું મહત્વ છે ? કેવી રીતે કરાય પ્રાર્થના ?**

**પૂજ્યશ્રી :** આપણે જે ધ્યેય નક્કી કર્યો હોય એ તરફ આગળ વધવા પ્રાર્થના કરાય. બધાને સુખ થાય, કોઈને દુઃખ ના થાય એવી પ્રાર્થના કરાય. એની પાસે સરસ ગાડી છે તો મને પણ મળો, એ પ્રાર્થના ના કહેવાય, એ મોહ કહેવાય.

**પ્રશ્નકર્તા : આપણી પ્રાર્થના શું અસર કરે ?**

**પૂજ્યશ્રી :** પ્રાર્થના એટલે પોઝિટિવ એવીડન્સ છે. પોઝિટિવ સંજોગો ઊભા કરે, પોઝિટિવ પરિણામ લાવશે. કોઈકને દુઃખ થતું હોય, શરીર માંદું હોય અથવા વેદના હોય તો પ્રાર્થના કરીએ, 'હે દાદા ભગવાન, એને શકિત આપો.' તો પોઝિટિવ કામ કરે. બીજા માટે પ્રાર્થના કરો તો (તમને) આનંદ થાય.

**પ્રશ્નકર્તા : મને પ્રાર્થના કેવી રીતે કરાય એ સમજવું છે.**

**દાદાશ્રી :** પ્રાર્થના હૃદયથી હોય. કેટલાકને આંસુ સાથે હૃદયપૂર્વક હોય, ત્યારે એ પહોંચે અને એનું ફળ મળે. પ્રાર્થના કરતી વખતે ચિત્ત બીજે હોય તો તે સાચી પ્રાર્થના ના કહેવાય.

પ્રાર્થના હેતુપૂર્વક હોવી જોઈએ, કંઈ પણ હેતુ હોવો જોઈએ. એમ ને એમ પ્રાર્થના કરીએ તેનો અર્થ નહીં. પ્રાર્થના એટલે ફોન કરવો તે. પેલો સામો પૂછે ને, કે ભાઈ, 'શા હારુ ફોન કરે છે ? તું મને કહે ને કંઈક.' મોક્ષે જવા માટેય પ્રાર્થના કરવી પડે અને સંસારી ચીજને માટેય પ્રાર્થના કરવી પડે.





સાચા દિલની પ્રાર્થના અફળ ના જાય. (ફળ મળ્યા વગર ના રહે)

# આ તો નવી જ વાત !

એક માણસ ભગવાનને રોજ પ્રાર્થના કરે કે, 'હે ભગવાન, મને સુખી કરો, સુખી કરો.' બીજો માણસ પ્રાર્થના કરે ત્યારે બોલે કે, 'હે ભગવાન, ઘરના બધા માણસો સુખી થાય.' એમાં પોતે તો આવી જ જાય. ખરો સુખી બીજો માણસ થાય.



# વાઇબ્રેશન્સ

'સોનુ, આટલો ખુશ કેમ છે ?'

'કારણ કે, કાલે તું પિકનિક પર જાય છે', સોનુએ હસતા હસતા કહ્યું.

'જા હવે, પિકનિક પર હું જાઉં છું, તો ખુશ તું કેમ છે ?' વીરને નવાઈ લાગી.

'તું ના હોય એટલે આખો રૂમ મારો. મારે તો સ્વતંત્રતા દિવસ કહેવાય ને ? અને કાલે તો હું આખો દિવસ એકલો છું. તું પિકનિક પર જઈશ, મમ્મી ઑફિસના કામે વહેલા નીકળી જવાના છે અને પપ્પા તો બહારગામ ગયા છે. તને તો ખબર પડી જ ગઈ હશે ને, કે હું શું કરવાનો છું...', સોનુ બોલ્યો.

'હા, હા, કરજે. તારે જે કરવું હોય એ કરજે.' વીર એની પિકનિક બેગ પૅક કરીને સૂઈ ગયો.

સવારે વહેલો ઊઠીને વીર તૈયાર થઈ ગયો. એ શૂઝ પહેરીને દરવાજા



પાસે મમ્મીની રાહ જોઈ રહ્યો હતો. ત્યાં તો એને મમ્મીનો અવાજ સંભળાયો, 'વીર બેટા, તેં પ્રાર્થના કરી કે નહીં ?'

'ના મમ્મા... ભૂલી ગયો.' વીરે ફટાફટ શૂઝ કાઢ્યા.

વીરે ભગવાન પાસે જઈ, હાથ જોડી, માથું ઝૂકાવીને પ્રાર્થના કરી કે, 'હે પ્રભુ, અમારી જોડે ને જોડે જ રહેજો. દુનિયાનું કલ્યાણ કરજો.' નાનપણથી જ મમ્મીએ વીર અને સોનુને ઘરેથી આ પ્રાર્થના કરીને નીકળવાનું શીખવ્યું હતું.

સોનુ આંખો ચોળતો ચોળતો રૂમની બહાર આવ્યો, 'મજા કરજે, ભાઈ.'

'તું પણ, સોનુ. બહુ મસ્તી ના કરતો અને હા, તારા સાયન્સ એક્સપેરિમેન્ટને મારી વસ્તુઓથી દૂર રાખજે.' વીરે કહ્યું.

મમ્મીએ સોનુને ઘર સાચવવાની થોડીઘણી સૂચનાઓ આપી અને વીરને લઈને નીકળી ગયા. સ્કૂલે પહોંચ્યા ત્યારે પિકનિક બસ આવી ચૂકી હતી. બાળકો અને ટીચર્સ, સ્કૂલ ગ્રાઉન્ડમાં ઊભા હતા.

'ખૂબ મજા કરજે બેટા. અને રાત્રે મને બધી જ વાતો કહેજે. ઓકે ?', મમ્મીએ વીરના માથે હાથ ફેરવીને કહ્યું.



વીરે માથું હલાવીને હા કહી અને એના ફ્રેન્ડ્સ પાસે દોડી ગયો. થોડી વારમાં તો બધા જ બાળકો બસમાં ગોઠવાઈ ગયા.

ટીચર્સ સાથે એક ચોવીસ-પચ્ચીસ વર્ષના ભાઈ હતા, જેમને બાળકોએ પહેલી વાર જોયા. એ ભાઈએ પોતાનો પરિચય આપ્યો, 'હાય લિટલ ફ્રેન્ડ્સ, મારું નામ ચિંતન છે, હું પણ તમારી જેમ એક સ્ટૂડન્ટ છું. ઈન્ડિયન હિસ્ટ્રીમાં પીએચ.ડી. કરી રહ્યો છું. અને આજે તમારી સાથે આપણા પિકનિક સ્થળોની નવી નવી વાતો શેર કરીશ.'

બાળકોને ચિંતન સર સાથે ખૂબ મજા પડી. બસમાં ચિંતન સર અને ટીચર્સ બાળકો સાથે ગેમ્સ રમ્યા. પછી પિકનિક સ્થળ પર પહોંચીને ચિંતન સરે બાળકોને અજબ ગજબની વાતો કહી. આખો દિવસ ક્યાં નીકળી ગયો એ ખબર જ ના પડી. બસ સ્કૂલ તરફ આવવા નીકળી. ધારેલા સમય કરતાં તેઓ દોઢ કલાક વહેલા નીકળી ગયા. શું કરવું અને શું નહીં એની વાતચીત ટીચર્સ અને ચિંતન સર વચ્ચે ચાલી રહી હતી.

બીજી બાજુ સોનુએ આખો દિવસ એના 'સ્પેસ સ્ટેશન' સાયન્સ પ્રોજેક્ટ પર કામ કર્યું. આ કામ એને એટલું ગમતું કે એને ટાઈમની ખબર જ ના પડતી. ક્યારેક ક્યારેક તો એ ખાવાનું પણ ભૂલી જતો.



પ્રોજેક્ટ પત્યો એટલે એણે ટી.વી. ઑન કર્યું. અને ડિસ્કવરી ચૅનલ સેટ કરી. ઍસ્ટ્રોનોટ સુનીતા વિલિયમ્સ અંતરિક્ષમાંથી કંઈક મેસેજ આપી રહ્યા હતા. સોનુને થયું, 'આ કેવા વાઈબ્રેશન્સ હશે ! અંતરિક્ષમાં કોઈ બોલી રહ્યું છે અને મને અહીં દેખાય અને સંભળાય છે.' સોનુને આવી બધી વાતો બહુ ઉત્સુક કરતી.

બહાર અંધારૂં થવા આવ્યું હતું. હવે સોનુ એના ભાઈની રાહ જોતો હતો. ત્યાં તો ફોનની ઘંટડી વાગી.

'સોનુ બેટા, તું મજામાં છે ?', મમ્મીએ પૂછ્યું. એમના અવાજમાં થોડી ગભરામણ હતી.

'હા, મમ્મી. શું થયું ?', સોનુએ પૂછ્યું.

'મારી વાત ધ્યાનથી સાંભળ. વાત એમ છે, કે વીરની પિકનિક બસ સ્કૂલે પાછી નથી ફરી. અને કોઈ પણ ટીચર કે ડ્રાઈવર સાથે સંપર્ક નથી થઈ રહ્યો. હું થોડી વાર રહીને તને લેવા આવું છું. આપણે વીરની સ્કૂલે



જઈશું.', મમ્મીએ આટલું કહ્યું અને ફોન મૂકી દીધો.

સોનુ ગભરાઈ ગયો. થોડી વાર સુધી તો એ સુનમુન બેસી રહ્યો. એને જાત જાતના વિચારો આવવા લાગ્યા., 'વીરની બસનો ઍક્સિડન્ટ થયો હશે ? કોઈએ કિડનૅપ કરી દીધી હશે ? બસ અદશ્ય કઈ રીતે થઈ ગઈ !'

એની નજર ટી.વી. સ્ક્રીન પર ગઈ. સુનીતા વિલિયમ્સની વાતો હજુ પણ ટી.વી. પર ચાલુ હતી. એને થયું, 'જો, અંતરિક્ષથી કોઈ ઍસ્ટ્રોનોટનો મેસેજ ધરતી સુધી પહોંચી શકે, તો મારી પ્રાર્થના પણ પ્રભુ સુધી પહોંચી જ શકે ને !'

સોનુએ હાથ જોડી પ્રાર્થના કરી, 'હે પ્રભુ, વીર અને વીરની આખી બસને સહી સલામત રાખજો. તમે પ્લીઝ સહુને રક્ષણ આપજો. એમને કંઈ પણ હેલ્પની જરૂર હોય તો કરજો.' સોનુ પોતાના દિલની વાત પ્રભુ સાથે કરતો જ રહ્યો. પ્રાર્થના માટે કેવા શબ્દો વાપરવા એની એને ખબર નહોતી, પણ એટલો વિશ્વાસ હતો કે એની દિલથી કરેલી પ્રાર્થનાનો સ્વીકાર થશે જ. પ્રાર્થનામાં ખબર નહીં શું જાદુ હતું, કે થોડી જ વારમાં એની બધી જ ગભરામણ દૂર થઈ ગઈ.

થોડી વારમાં એને ગાડીનો હૉર્ન સંભળાયો. મમ્મી એને લેવા આવી ગયા હતા. એણે પાણીની બૉટલ હાથમાં લીધી અને ઘર બંધ કરીને બહાર નીકળ્યો ને ગાડીમાં બેઠો.

મમ્મી ટેન્શનમાં હતા. વીર અને મમ્મી સ્કૂલે પહોંચ્યા. સ્કૂલના



ગ્રાઉન્ડ પર વિદ્યાર્થીઓના પરિવારવાળા ભેગા થઈ ગયા હતા. પ્રિન્સીપલ સરે અત્યંત ખેદપૂર્વક બધાને જણાવ્યું કે, ‘હજુ સુધી અમે બસનો સંપર્ક નથી કરી શક્યા. કોશિશ ચાલુ જ છે. જેવી કંઈ પણ ખબર મળશે એટલે અમે તમને જાણ કરીશું.’

અમુક વાલીઓની આંખોમાં આંસુ હતા, તો અમુક ચિંતાતુર. કોઈક ગુસ્સામાં પ્રિન્સીપલ સર સાથે વાતો કરી રહ્યા હતા, તો કોઈક ખૂણામાં બેસીને આંખો બંધ કરીને પ્રાર્થના કરી રહ્યા હતા.

આ દૃશ્ય જોઈને સોનુને એક વિચાર આવ્યો અને એ તરત જ પ્રિન્સીપલ સર પાસે દોડ્યો. એણે સર પાસે માઈકમાં બોલવાની પરમિશન માંગી. માઈક પાસે ઊભા રહીને સોનુ બોલ્યો, ‘બધાને સહી સલામત પાછા લાવવાનો મારી પાસે એક ઉપાય છે. થોડી વાર પહેલા મને પણ મારા ભાઈ વીર માટે ટેન્શન થતું હતું. પણ પછી, મેં પ્રાર્થના કરી અને મારું ટેન્શન ઉડી ગયું. મને સાયન્સના પ્રયોગો કરવા બહુ ગમે. એટલે કોઈ પણ વાત માનતા પહેલા હું પ્રયોગ કરું. મેં પ્રાર્થનાનો પ્રયોગ કર્યો અને મને પરિણામ મળ્યું. અને એટલે જ મને લાગે છે, કે આપણે બધા સાથે મળીને પ્રાર્થના કરીશું તો બહુ સરસ રિઝલ્ટ આવશે. હું એકલો



પ્રાર્થના કરું તો એક જ સિગ્નલ જાય. પણ જો આપણે સો લોકો મળીને સાથે પ્રાર્થના કરીએ તો ? સિગ્નલ સો ગણું સ્ટ્રૉંગ થઈ જાય !'

પ્રાર્થના સિવાય આમ પણ કોઈ ઉપાય નહોતો. વાલીઓએ બધા જ પ્રયત્નો કરેલા. પણ કંઈ પરિણામ નહોતું મળ્યું. બધાએ પ્રાર્થના શરૂ કરી.

અડધો કલાકમાં તો સ્કૂલનું વાતાવરણ એકદમ શાંત થઈ ગયું. ભલે, સ્કૂલ બસ પાછી નહોતી આવી, પણ ગુસ્સો, અકળામણ અને ચિંતા ગ્રાઉન્ડ પરથી જતા રહ્યા.



ત્યાં તો પ્રિન્સીપલ સરનો ફોન વાગ્યો. સરની ખુશીનો પાર નહોતો. 'સ્કૂલ બસ આવી રહી છે, બસ પાછી આવી રહી છે !' સર દોડીને સોનુને ભેટી પડ્યા. એમની આંખોમાં આંસુ હતા. બધે ખુશીની લહેર ફેલાઈ ગઈ. બધાને 'હાશ' થઈ.

'પણ, થયું શું હતું ?' આ પ્રશ્ન બધાને જ થયો. સરે માંડીને બધી વાત કહી.

''નિર્ધારિત સમય કરતાં વહેલા સ્કૂલે પાછા આવવા માટે બસ નીકળી ગઈ હતી. પણ, સમય હોવાને કારણે રસ્તામાં એવો નિર્ણય લેવાયો, કે તેઓ 'સુરંગનાથ ગુફાઓ' જોઈને પાછા ફરશે. આ ગુફાઓ જોવામાં કલાકથી વધુ સમય નહીં લાગે એવી ગણતરી હતી. તે વખતે એ એરિયામાં સહેજ થથરાટ થયો. કદાચ ખૂબ ઓછી તીવ્રતાનો ધરતીકંપ હોવો જોઈએ. કોઈ ભેખડ તૂટી પડી કે શું થયું તેની ચોક્કસ માહિતી નથી. પણ, બાળકો અને ટીચર્સ ગુફામાં ફસાઈ ગયા હશે. વધુ વિગતો તો એમના પાછા આવ્યા પછી જ ખબર પડશે.'', સરે જણાવ્યું. અને પછી, પ્રિન્સીપલ સરે ફરી હાથ જોડીને બધા જ વાલીઓની માફી માંગી અને બધાને

ખાતરી આપી કે ફરી આવી ભૂલ નહીં થાય.

વાલીઓનો ગુસ્સો શાંત પડી ગયો હતો. આવો નિર્ણય કેમ લેવાયો અને કેમ નહીં, આ બધી ચર્ચાઓનો કોઈ અર્થ નહોતો, એ વાત બધાને સમજાઈ ગઈ હતી. અને એ પણ સમજાઈ ગયું હતું, કે જ્યારે કોઈ ઉપાય કામ ના લાગે ત્યારે પ્રાર્થના અવશ્ય કામ લાગે.

ત્યાં તો બસનો હૉર્ન સંભળાયો. બાળકો જેવા બસમાંથી ઊતર્યા કે એમની નાનકડી આંખો એમના વાલીઓને શોધવા લાગી. બધા જ પોતપોતાના વાલીઓને શોધીને ભેટી પડ્યા.


બસમાંથી ઊતરીને વીર મમ્મી અને સોનુ તરફ દોડ્યો અને બન્નેને વળગી પડ્યો. મમ્મી અને સોનુને જોઈને આટલી ખુશી વીરને પહેલા ક્યારેય નહોતી થઈ. પછી, થોડી વાર રહીને વીરે હસતા હસતા પૂછ્યું, 'તો સોનુ, કેવો રહ્યો તારો સ્વતંત્રતા દિવસ ?'

'ભાઈ ! હવે તો હું પ્રાર્થના કરીશ, કે મારે સ્વતંત્રતા દિવસ ક્યારેય નથી જોઈતો. મારે તો હંમેશાં તારી સાથે જ રહેવું છે !' સોનુ પોતાના મોટા ભાઈને ફરી ભેટી પડ્યો.



# ચાલો રમીએ...

ઝોઈની પ્રાર્થનાની બુક્નું પહેલુ પેજ
ડેકોરેટ કરવામાં ઝોઈને મદદ કરો.



ફેલ્કોને મેલકાના છોડ સુધી પહોંચવાનો રસ્તો શોધવામાં મદદ કરો. પણ...પણ...પણ... ફેલ્કોને મેલકાના છોડની જરૂર શા માટે પડી ? તે જાણવા વાંચો પેજ નં-૨૦ થી ૨૭.



આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...

**Click Here**

https://shorturl.at/U7ogo

**અપસેટ થઈને ચીલી થીઓના કૅફે પર ગયો. પાર્સલી અને આલુ પણ ચીલીને સરપ્રાઈઝ પાર્ટી આપવા માટે કૅફે પર જવા નીકળી ગયા. પાર્સલીએ 'ના' પાડી, છતાંય આલુએ કોકોને પણ પાર્ટીમાં આવવા કહ્યું. ચાલો જોઈએ, કે થીઓના કૅફે પર પહોંચતા જ ચીલીએ શું જોયું ?**

જ્યારે મેં ઉપરથી થીઓના કૅફે પર બૅનર જોયું, 'બેસ્ટ સિંગર, બેસ્ટ ફ્રેન્ડ ચીલી' મને પહેલા તો મારી આંખ ઉપર વિશ્વાસ ના આવ્યો.




પછી નીચે જઈને જોયું તો મને હજુ વધારે નવાઈ લાગી. થીઓનું કૅફે તો પાર્ટી-પ્લેસ બની ગયું હતું. બધા કપ પર મારો ફોટો હતો. એ ફોટામાં હું ગાઈ રહ્યો હતો. શું આલુએ 'આલુ શેક'નું નામ ફરી 'ચીલી શેક' કરી દીધું ? પણ હું તો જીત્યો પણ નહોતો. ચારે બાજુ મારા ફોટોઝ હતા. મેં પહેલી વાર સિંગિંગ ક્લાસ જૉઈન કર્યા, મેં પહેલી વાર નદી કિનારે ગીત ગાયું, મારી પહેલી કૉમ્પિટિશન, મારી

સિંગિંગની સ્પેશિઅલ ટી-શર્ટ, જે મમ્મી-પપ્પાએ મારા માટે ખરીદી હતી તે... આ બધી યાદો એ ફોટોઝમાં હતી. જાણે કોઈએ સિંગિંગની સ્પેસશિપમાં બેસાડીને મને ટાઈમ ટ્રાવેલ કરાવી દીધું હોય એવું લાગી રહ્યું હતું. મારું શરીર હવે દાઝતું નહોતું.

થીઓને હજુ ખબર નહોતી, કે હું આવી ગયો છું. થીઓ અને ઝોઈ કિચનમાં તૈયારી કરતા કરતા વાતો કરી રહ્યા હતા, ‘આલુ તો બેસ્ટ છે જ, પણ ચીલી જેવું તો કોઈ જ નહીં.’ તો ઝોઈ બોલી, ‘હા, સાચી વાત ! છેલ્લી ઘડીએ કોણ પોતાનું સૉંગ બદલીને કોકોને આ રીતે જીતવા દે ! કેટલું મોટું મન છે એનું તો...’ મને થયું, આ લોકો શું વાત કરે છે ? મેં કોકોને જીતવા દીધી ?

હજુ હું કંઈ સમજું કે કંઈ પૂછું ત્યાં તો મને ઘરર... ઘરર... સ્કેટ્સનો અવાજ આવ્યો. પાછળ ફરીને જોયું તો આલુ ફુલ સ્પીડમાં આવી રહ્યો હતો. સ્પીડમાં એનું મોટું પેટ એટલું જોરથી ઊછળી રહ્યું હતું, કે દોડપકડ રમતી પાંચ માખીઓ વચ્ચે અડફેટમાં આવી ગઈ અને એના પેટ સાથે ભટકાઈને ચક્કર ખાઈને પડી ગઈ.



હું હજુ એને કંઈ કહું ત્યાં તો એનું મોઢું જોઈને મને ખબર પડી, કે સ્કેટ્સ પર આલુનો કંટ્રોલ નથી. જો હું ઊડીશ નહીં તો માખીઓ જેવી જ હાલત મારી પણ થશે. હું ઊડવા ગયો, ત્યાં તો આલુ ઝાડ સાથે ભટકાઈને જમીન પર પડી ગયો. મને થયું, ‘આ સ્કેટિંગ ચૅમ્પિઅન છે ?!’ હું એને કંઈક કહેવા જઉં એ પહેલા મને જોરથી એ જ કર્કશ અવાજ સંભળાયો, ‘ચી...લી...’ હું હજુ ફરીને જોઉં એ પહેલા તો જોરથી પાર્સલી મારી સાથે ભટકાયો અને મને ફુદરડી ફેરવી દીધી. એય આલુની જેમ જ ઝાડ સાથે ભટકાઈને આલુ પર પડ્યો. આલુનું તો સમજાય, પણ પાર્સલી આટલો મોટો થયો તો પણ એને ઊડતા નથી આવડતું ! ફુદરડી ફરીને મનેય માખીઓની જેમ ચક્કર ચડી ગયા.





આટલું ઓછું હોય એમ આલુ બોલ્યો, 'હું જીત્યો.' તો જોરથી થૂંક ઉડાડતા પાર્સલી બોલ્યો, 'ના, હું જીત્યો.' અને પછી બંનેએ જોરથી હસવાનું ચાલુ કર્યું. ક્યાંક ઝાડ સાથે ભટકાવાથી બંનેના મગજને નુકસાન તો નહીં થયું હોય ને ? મને તો હજુ ચક્કર આવતા હતા. ત્યાં કોઈએ મારો હાથ પકડ્યો.

હાશ ! મને બહુ સારું લાગ્યું. મેં કીધું, 'થેન્ક યૂ, આ પાર્સલીએ તો બધું ગોળ ગોળ ફેરવી દીધું.' ચક્કર ઓછા થયા ને પાછળ જોયું, તો મને પકડનાર બીજું કોઈ નહીં પણ કોકો હતી. એ મારી સામે બત્તીસી કાઢીને હસી રહી હતી. એણે મને પૂછયું, 'ચીલી, તું બરાબર છે ?' મારે એને કહી જ દેવું હતું કે, 'તું અહીંયા હોય તો હું કેવી રીતે બરાબર હોઈ શકું ?'



**આલુના આટલા પ્રયત્નો પછી ચીલી કેટલો બધો ખુશ થઈ ગયો હતો. પણ કોકોને જોઈને ચીલીની ખુશી કાયમ ગાયબ કેમ થઈ જાય છે ?**

# મરીન પોક્સ



ફેલ્કો સાયન્ટિસ્ટ હતો. સમુદ્રી પ્રાણીઓ માટે એણે ઘણી બધી દવાઓની શોધખોળ કરી હતી. હવે એ એના પપ્પાનું અધૂરું કામ, એટલે કે મરીન-પોક્સ નામના રોગની દવા શોધવાનું કામ શરૂ કરવાનો હતો. આસપાસના સમુદ્રોમાં મરીન-પોક્સ ફેલાઈ ગયો હતો. એમના સમુદ્ર સુધી એ રોગ પહોંચે એ પહેલા જ ફેલ્કોને એની દવા શોધી કાઢવી હતી.





ફેલ્કો એના કાકા સાથે રહેતો હતો. કાકા રોજ સમુદ્રની પેલે પાર એક મંદિરે જતા. આ જોઈને ફેલ્કોને નવાઈ લાગતી. એક દિવસ કાકાએ ફેલ્કોને પૂછ્યું, 'તું પણ આવીશ મારી સાથે ? ભગવાનને પ્રાર્થના કરીને તારું નવું કામ શરૂ કરજે.' ફેલ્કોએ તરત ના પાડી, 'ભગવાન પાસે આશા રાખીશ, તો હું શું કરીશ ?'




કાકાએ એને સમજાવવાની કોશિશ કરી, 'જેમ તારે સરસ દવા બનાવવી હોય તો બહુ બધા ઈન્ગ્રીડિઅન્ટની જરૂર પડે ને ? એ જ રીતે કોઈ પણ કામ સરસ રીતે થાય એના માટે પ્રાર્થના એક ઈન્ગ્રીડિઅન્ટ છે. આમાં ભગવાન પાસે આશા રાખવાની વાત જ નથી.' પણ ફેલ્કોને કાકાની વાત ના સમજાઈ.






એ કલાકો સુધી એની લેબોરેટરીમાં કામ કરતો રહ્યો. એના પપ્પાએ જેટલું રિસર્ચ કર્યું હતું એ બધું જ એણે સ્ટડી કરી લીધું. સમુદ્રમાં મળતી લગભગ બધી જ વનસ્પતિઓ એણે ચકાસી લીધી. કોઈ પણ વનસ્પતિ મરીન-પોક્સના વાઈરસ સામે કામ લાગે તેવી નહોતી.

ફેલ્કો દિવસ-રાત એક કરીને કામ કરતો રહ્યો. પણ એને સફળતા નહોતી મળી રહી. એક દિવસ કાકાએ એને ફરી કહ્યું, 'ફેલ્કો, પ્રાર્થના કરીને જો. કદાચ કોઈ ઉપાય મળી જાય.' પણ ફેલ્કોએ કાકાની વાત ના માની અને હાર પણ ના માની. એને પોતાના સમુદ્રી પરિવાર અને મિત્રોને આ રોગથી બચાવવા જ હતા.





અચાનક, એક દિવસ એના પપ્પાની નોટ્સ વાંચતા વાંચતા એણે 'મેલકા'નામના છોડનું વર્ણન વાંચ્યું. મેલકાના ગુણો વાંચીને એને લાગ્યું, કે 'આ છોડ મને ચોક્કસ કામ લાગવો જોઈએ.' એ છોડ શોધતા શોધતા એ પોતાના ઘરેથી ખૂબ દૂર નીકળી ગયો. અને એક અંધારી ગુફામાંથી એને મેલકાનો છોડ મળી આવ્યો.





સેમ્પલ લાવીને એણે લેબોરેટરીમાં ટેસ્ટ કર્યું અને એની ખુશીનો પાર ના રહ્યો. કાકાએ એને પૂછ્યું, 'શું થયું ? આટલો ખુશ કેમ છે ?'' ફેલ્કોએ જણાવ્યું, 'કાકા, દવા બની ગઈ !! આપણો સમુદ્ર મરીન-પોક્સથી બચી જશે. બસ, હવે પૂરતી દવા બનાવવા માટે મેલકાના થોડા વધુ છોડ મળી જાય તો કામ થઈ જાય !'





સમુદ્રમાં ફેલ્કોની શોધની જાહેરાત થઈ. બધાએ ઉજવણી કરી. પણ આ ખુશી લાંબી ટકી નહીં. થોડા જ દિવસોમાં ‘મરીન-પોક્સ’ એમના સમુદ્ર સુધી પહોંચી ગયો. પાંચ જણને રોગ થઈ ગયો. પણ, મેલકાના વધુ છોડ તો મળ્યા જ નહોતા ! એટલે, દવાના સેમ્પલ્સ બહુ જ ઓછા હતા.



ફેલ્કોની ચિંતાનો પાર ના રહ્યો. એ અત્યંત નિરાશ થઈ ગયો. ‘કાકા, હવે હું શું કરું ? દવાનો છોડ પણ મળ્યો અને કેવી રીતે બને એ પણ મળી ગયું. પણ હવે વધુ છોડ નહીં મળે તો દવા કેવી રીતે બનાવીશું ?’



કાકાએ કહ્યું, 'બેટા, મારી સાથે મંદિરે ચાલ. આપણે સાથે મળીને ભગવાનને પ્રાર્થના કરીએ. કદાચ કંઈ ઉપાય જડી જશે.' ફેલ્કો પાસે પ્રાર્થના સિવાય કોઈ ઉપાય નહોતો. એ કાકા સાથે મંદિરે ગયો.



એણે ભગવાનને પ્રાર્થના કરી, 'હે પ્રભુ, તમે જાણતા જ હશો ને, કે મેં દિલથી અને ખૂબ મહેનતથી આ દવા બનાવી છે. છોડની કમીના કારણે આ રોગ ફેલાઈ રહ્યો છે. પ્લીઝ, કંઈક ઉપાય બતાવો.' ફેલ્કોની આંખોમાં આંસુ આવી ગયા.



મંદિરેથી બહાર નીકળીને એની નજર ક્યાંક પડી અને એ દોડીને ત્યાં પહોંચી ગયો. અને પછી દોડતો આવીને કાકાને ભેટી પડ્યો.



'કાકા, અહીં તો મેલકાના છોડના જથ્થા છે ! બધે જ શોધ્યું હતું, બસ અહીં જ નહોતો આવ્યો ! હવે દવાની કોઈ કમી નહીં રહે. મરીન-પોક્સથી કોઈનું મૃત્યુ નહીં થાય. કાકા, પ્રાર્થનાએ તો જાદુ કરી દીધું !' ફેલ્કોની આંખોમાં ખુશીના આંસુ હતા.



'ના દીકરા, પ્રાર્થના જાદુ ના કરે. દવા બનવામાં જે એક ખૂટતું ઈન્ગ્રીડિઅન્ટ હતું, તે પ્રાર્થનાએ મેળવી આપ્યું.' કાકાએ ફેલ્કોના માથે પ્રેમથી હાથ ફેરવ્યો.



ફેલ્કોએ એના મિત્રોની સહાયથી મેલકાના છોડમાંથી દવાઓ બનાવીને, પોતાના અને આસપાસના સમુદ્રોમાંથી મરીન-પોક્સને ભગાવી દીધો.




થીઓ એન્ડ ફ્રેન્ડ્સ યુરોપની ટુર પર નીકળ્યા છે. જર્મનીમાં સાઈટ-સીઈંગ ફર્યા પછી તેઓ ઓસ્ટ્રિયા દેશની રાજધાની વિએના (vienna) પહોંચ્યા. પહેલા દિવસે તેઓ એક ભવ્ય ચર્ચમાં ગયા. બધાએ પ્રાર્થના કરી. પ્રાર્થના કર્યા પછી રીઝો બહુ જ ખુશ હતો.

ઝોઈ: શું થયું રીઝો ? આટલો ખુશ કેમ છે ?

રીઝો : કારણ કે મેં પ્રાર્થના કરી એટલે. તને ખબર છે ? હું જે પણ પ્રાર્થના કરું ને, એ હંમેશાં પૂરી થાય. ટ્રિપ પહેલા મારો પાસપોર્ટ ખોવાઈ ગયો હતો ને ? મેં પ્રાર્થના કરી તો મને મળી ગયો. અરે, મને



એક્ઝામ પહેલા ગણિતના દાખલા નહોતા આવડતા. મેં પ્રાર્થના કરી તો આવડવા લાગ્યા. મારે પેલા શૂઝ ખરીદવા હતા ને, મેં પ્રાર્થના કરી તો મમ્મીએ અપાવ્યા.

ઝોઈ : શૂઝ માટે પ્રાર્થના થોડી કરાય ?

રીઝો : હું તો કરું. તારી પ્રાર્થના પૂરી નહીં થતી હોય એટલે તું એવું કહે છે.

ઝોઈએ કંઈ જવાબ ના આપ્યો. ત્યાં તો થીઓ બધાને કહેવા લાગ્યો, 'આલ્બર્ટીના મ્યૂઝિયમ (Albertina museum) જવા માટે બસ રેડી છે.'

આલ્બર્ટીના મ્યૂઝિયમમાં મસ્ત પેન્ટિંગ્સ હતા. ત્યાં ગાઈડે એક પેન્ટિંગની સ્ટોરી કહી અને એ સાંભળ્યા પછી જીફફીના હાલ બેહાલ છે. ટિસ્યૂ પેપર ખૂટી પડ્યા છે.

વાર્તા હતી, મ્યૂઝિયમના એક પેન્ટિંગ - 'ધ પ્રેયિંગ હૅન્ડ્સની (The Praying Hands)' આ પેન્ટિંગ જર્મન ચિત્રકાર ઓલબ્રેક્ટ ડુરહએ (Albrecht Durer) બનાવી છે.



નાનપણથી જ ઓલબ્રેક્ટ અને એમના ભાઈ આલ્બર્ટને ચિત્રકાર બનવું હતું. પણ એમના મમ્મી-પપ્પા પાસે એમને ચિત્રશાળા ભણાવવાના પૈસા નહોતા. બંનેએ એક ડીલ કરી. એક જણ સ્કૂલે જઈને ભણશે અને બીજો કામ કરશે. અને પછી પહેલાનું ભણતર પતશે એટલે એ કામ કરશે અને બીજો

ભણવા જશે. સિક્કો ઉછાળીને નક્કી થયું, કે કોણ શું કરશે. પહેલા ઓલબ્રેક્ટ સ્કૂલે જશે અને આલ્બર્ટ કામ કરશે.

ઓલબ્રેક્ટ તો ખૂબ હોંશિયાર હતો. એની કળાગીરી તો એના ટીચર્સ કરતાં પણ વધુ સારી હતી. થોડા જ સમયમાં એ બધું શીખી ગયો અને એણે ખૂબ સરસ કામ કર્યું. બીજી બાજુ ચાર વર્ષ સુધી કોલસાની ખાણમાં આલ્બર્ટ કામ કરતો રહ્યો. ડીલ પ્રમાણે ભણતર પૂરું કર્યા પછી ઓલબ્રેક્ટ પોતાના ભાઈ પાસે પાછો આવ્યો ને કહ્યું, ‘ભાઈ, હવે ભણવાનો વારો તારો છે. હવે હું તારું ધ્યાન રાખીશ.’

ત્યારે આલ્બર્ટે પોતાના ભાઈને કહ્યું, ‘ખાણમાં કામ કરી કરીને મારી આંગળીઓ સાવ વાંકીચૂંકી થઈ ગઈ છે. હવે આ આંગળીઓથી પેન્ટિંગ નહીં થાય. પણ ભાઈ, હું તારા માટે બહુ જ ખુશ છું. તું ખૂબ આગળ વધ.’ એક દિવસ ઓલબ્રેક્ટ પોતાના ભાઈને હાથ જોડીને પ્રાર્થના કરતા સાંભળ્યો, ‘હે પ્રભુ, મારો ભાઈ જીવનમાં ખૂબ આગળ વધે. એને બધી જ સફળતા મળે.’

આ જોઈને ઓલબ્રેક્ટે પોતાના ભાઈના હાથનું એક ચિત્ર બનાવ્યું. આ ચિત્ર પાછળ ઓલબ્રેક્ટનો એવો ભાવ હતો કે, ‘મારી સફળતા પાછળ મારા ભાઈની પ્રાર્થના અને એના હાથોની મહેનત છે.’ આ ચિત્ર આખી દુનિયામાં પ્રખ્યાત બની ગયું. આ વાતને ૪૫૦ જેટલા વર્ષ વીતી ગયા છે. આજે પણ





ઘણાં બધા પશ્ચિમી દેશોના ઘરો અને ઑફિસોમાં 'ધ પ્રેયિંગ હૅન્ડસ'નું ચિત્ર જોવા મળે છે.

અને બસ, આ વાર્તા સાંભળીને જીફ્ફીના ટિસ્યૂ ખૂટી પડ્યા છે. ઝોઈને આ વાર્તા એટલી બધી ગમી ગઈ, કે એણે પોતાની નાનકડી ચોપડીમાં બંને ભાઈઓના નામ લખ્યા અને પછી કોઈ પ્રશ્ન પૂછવા ગાઈડ પાસે દોડી. એ એની નાનકડી ચોપડી ત્યાં જ ભૂલી ગઈ. રીઝોએ એની બુક ઉઠાવી. એની નજર પાના પર લખેલા શબ્દો પર ગઈ. એ વાંચીને રીઝોની આંખોમાંથી પણ ટપ ટપ આંસુ પડવા લાગ્યા.

ઝોઈની ચોપડીનું ટાઈટલ હતું, 'માય પ્રેયર બુક' અને અંદર ઝોઈએ લખ્યું હતું, 'હે પ્રભુ, મારી પ્રાર્થના એ જ છે, કે તમે મારા બધા જ ફ્રેન્ડસની પ્રાર્થના પૂરી કરજો.'

રીઝોને યાદ આવ્યું કે એણે ઝોઈને કેવું કહી દીધું હતું. રીઝોએ પોતે તો ના કરવા જેવી વાતો માટે પણ પ્રાર્થના કરી હતી, જ્યારે ઝોઈએ તો ફક્ત બધાની પ્રાર્થના ફળે, એટલી જ પ્રાર્થના કરેલી.

'હે પ્રભુ, મારી પ્રાર્થના
એ જ છે, કે તમે મારા
બધા જ ફ્રેન્ડસની
પ્રાર્થના પૂરી કરજો.'




બાળકો માટે Games & Fun સાથે જ્ઞાનનો ખજાનો
મેળવો kids website પર...
જે છે હવે નવા Format માં...તો આજે જ Visit કરો...

**kids.dadabhagwan.org**

https://shorturl.at/CnMSA